# કોવિડ-19 મહામારીમાં સીબીઆર/સીબીઆઇડી કાર્યકર્તાઓ માટે માર્ગદર્શન

**(જેમાં વેતન મેળવતા અને સ્વયંસેવી કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે)**

કોવિડ-19 મહામારીમાં સીબીઆર/સીબીઆઇડીના કાર્યકર્તાઓની ભૂમિકા ઘણી મહત્વપૂર્ણ છે. તેમની કામગીરી વિકલાંગતા ધરાવતી (દિવ્યાંગ) વ્યક્તિઓ, દિવ્યાંગ સભ્યો ધરાવતા પરિવાર તથા સમુદાયમાં વૃદ્ધ અથવા તો ઘરવિહોણા જેવા નિઃસહાય સભ્યોની સુરક્ષા અને મદદ કરવામાં સહાયરૂપ થઇ શકે છે. આ રીતે તેઓ સમગ્ર સમુદાયની સુરક્ષા કરશે.

1. સીબીઆર/સીબીઆઇડી કાર્યકર્તાઓએ માત્ર ભોજન, પાણી કે દવા પહોંચાડવા જેવાં જરૂરી કાર્યો કરવા માટે જ સમુદાય પાસે જવું જોઇએ. આ કામગીરી હાથ ધરવા માટે જતી વખતે શારીરિક અંતર (ફિઝિકલ ડિસ્ટન્સ) જાળવવું. સીબીઆર/સીબીઆઇડી કાર્યકર્તાઓને પરિવારો અને સમુદાય સાથે ફોન (ટેક્સ્ટ અથવા વોટ્સેપ)થી સંપર્ક કરવા માટે ઉત્તેજન આપવામાં આવે છે, જેથી તેમને નિયમિતપણેમાહિતગાર કરી શકાય, તેમની જરૂરિયાતો વિશે જાણકારી મેળવી શકાય તથા આ જરૂરિયાતોને પૂરી કરવા માટેના માર્ગો અંગે ચર્ચા કરી શકાય.
2. સીબીઆર/સીબીઆઇડી કાર્યક્રમ દ્વારા તૈયાર કરવામાં આવેલા તથા રિલે કરવામાં આવેલા મુખ્ય સંદેશા સ્થાનિક સંદર્ભ તથા નિયમો ઉપર આધારિત હોવા જોઇએ અને નીચે જણાવેલા મુદ્દાઓ ઉપર પણ ધ્યાન આપવું જોઇએ, જે વ્યક્તિ-કેન્દ્રીત કટોકટીના સમયની સજ્જતા માટેના સાધન (પીસીઇપીટી) પર આધારિત છે.
   - અ. કોવિડ-19 સંબંધિત તમારા સ્થાનિક જોખમોને જાણો.
   - બ. શું કરવાનું છે અને દિવ્યાંગો તથા અન્ય જરૂરિયાતમંદ સભ્યોને સામેલ કરવા માટે કોણ જવાબદાર હશે, તે અંગે સમુદાયના સભ્યો સાથે મળીને યોજના બનાવવી.
   - ક. પોતાના સમુદાયને પ્રેરિત તથા સુસજ્જ રાખો.
   - ડ. પરિસ્થિતિમાં આવતા પરિવર્તનો વિશે જાગૃત રહો અને જરૂર પડે તો તમારી યોજનામાં ફેરફાર કરો.
   - અ. આજીવિકાની પ્રવૃત્તિઓમાં દિવ્યાંગો/પરિવારના સભ્યોને સામેલ કરાવવાનો પ્રયત્ન કરો.
   - લ. એક-મેકનું ધ્યાન રાખો.

જે સમુદાયો માટે કાર્યકર્તા જવાબદાર છે, તેમની સાથે સંપર્ક કરવા માટે ઉપરોક્ત છ મુદ્દા તેમની સાથે ચાલી રહેલા ટેલિફોન/ટેક્સ્ટ/ઇમેઇલ સંપર્કનો આધાર બની શકે છે.

---

ક્રિસ્ટિન અને કોર્નિક તથા ઝામ્બિયન સીબીઆર/સીબીઆઇડી ટીમ, અબ્દુલ બુસુલવા સીએએન (યુગાન્ડા) પ્રોફેસર ગ્વેનેથ લેલેવેલિન (ઓસ્ટ્રેલિયા), ઇલેની માર્ક્સ (જિનિવા, હૂ)ના સહયોગથી પ્રોફેસર સેલી હાર્ટલે (યુકે) તથા વેંકટેશ બાલકૃષ્ણ (ભારત) દ્વારા તૈયાર – ભારતીય સંદર્ભ માટે અનુકૂળ

3. તમારા સ્થાનિક અવરોધો/જોખમોને જાણો. સામુદાયિક કાર્યકર્તાઓએ સ્થાનિક પરિસ્થિતિથી શક્ય હોય તેટલું પરિચિત થવું પડશે. સીબીઆર/સીબીઆઇડી કાર્યકર્તાઓએ એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે, તેઓ સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા તમામ નિયમો અને પદ્ધતિઓથી પરિચિત હોય તથા તેમના સ્થાનિક માળખા સાથે મળીને કામ કરવા માટે સહયોગ આપે, જેથી યોજના બનાવવાની અને ત્યાર બાદની કાર્યવાહીમાં દિવ્યાંગોની જરૂરિયાતોને સામેલ કરવામાં આવે, તેની ખાતરી કરી શકાય.
4. શું કરવાનું છે અને કોણ જવાબદાર છે, તે અંગે સમુદાયના સભ્યો સાથે મળીને યોજના બનાવવી. જ્યાં શક્ય હોય, ત્યાં સામુદાયિક સેવા જાણનારા પરિવારો અને વ્યક્તિઓને ફોન કરવો અને તેમની સાથે મળીને યોજના ઘડવી. લાગુ કરવામાં આવેલી સ્થાનિક વ્યૂહરચનાઓમાં દિવ્યાંગોની જરૂરિયાતોનું ધ્યાન રાખવામાં આવે, તે સુનિશ્ચિત કરવું. આ વ્યૂહરચનાઓ વિભિન્ન પરિસ્થિતિ અનુસાર જુદી-જુદી હશે, પરંતુ ઉદાહરણ માટે તેમાં સામેલ થઇ શકે છેઃ

   એ. કોવિડ-19થી પીડિત લોકોની તેમનો સમુદાય નિંદા ન કરે, તે સુનિશ્ચિત કરવું.
   બી. તમામ દિવ્યાંગો તથા તેમના પરિવારો સાથે મળીને કામ કરવું, જેથી જરૂર પડ્યે આરોગ્ય (માનસિક સ્વાસ્થ્ય સહિત)/પુનર્વસન સેવાઓ અને દવાઓ/લોહીની પ્રાપ્યતા સુનિશ્ચિત કરી શકાય.
   સી. દિવ્યાંગો/પરિવારોને વર્તમાન સહાયતા સેવાઓ (જેમ કે, ભરણ-પોષણ ભથ્થું/ પેન્શન) અને મહામારીનો સામનો કરવા માટે આપવામાં આવતી અન્ય કોઇ સેવા મળી રહી છે, તે સુનિશ્ચિત કરવું.
   ડી. ગામ કે સમુદાયના દિવ્યાંગ તથા નિઃસહાય સભ્યોને તેમની સુરક્ષા કરી રહેલા અન્ય સભ્યોથી અલગ રાખવા, ભોજન પૂરું પાડવું તથા સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલો ખાદ્યાન્નનો પુરવઠો તેમના સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવું અથવા તેમના માટે ખરીદી કરવી. આમ કરતી વખતે તેઓ કોવિડ-19ના ચેપથી મુક્ત રહે, તે માટેના તમામ નિયમોનું પાલન કરવું.
   ઇ. ચેપગ્રસ્ત લોકો અથવા તેમના પરિવાર સાથે ભેદભાવ રાખ્યા વિના તેમને અલગ કરવા અને સમુદાયના અન્ય સભ્યોથી દૂર એક સ્થળે તેમની કાળજી લેવી.
   એફ. નિયમિતપણે યોગ્ય રીતે હાથ ધોવા માટે સ્વચ્છ પાણી અને સાબુ પૂરાં પાડવાં.
   જી. પાણી અને સાબુ સુલભ સ્થળે રાખવાં.
   એચ. માસ્ક બનાવવું અને બહાર તથા ભીડવાળી જગ્યાઓ પર જતી વખતે તે પહેરવું અને જરૂર પડ્યે જ બહાર નિકળવું.

---

આઇ. શારીરિક અંતર જાળવવું (હાલમાં બે મીટરનું અંતર રાખવું) અને હાથ ધોવા અંગે સ્પષ્ટ સંદેશો મોકલવો.

જે. કોવિડ-19નાં લક્ષણ જણાય, તો સ્થાનિક નીતિઓ અનુસાર સ્વાસ્થ્ય સુવિધાનો સંપર્ક કરવો.

5. તમારા સમુદાયને પ્રેરિત અને સજ્જ કરો.
સમુદાય તેઓ જે કાર્યવાહી કરવા ઇચ્છે છે અને જે કાર્ય હાથ પર લેવા માટે સક્ષમ હોય અને કોણ જવાબદાર હશે, તે અંગે નિર્ણય લેશે. સામુદાયિક કાર્યકર્તા તમામ સમાવિષ્ટ લોકોને પ્રોત્સાહિત કરી શકે છે અને પ્રાપ્ત નવીનતમ માહિતીના આધારે વાસ્તવવાદી નિર્ણય લેવા માટે સમુદાયને માર્ગદર્શન પૂરું પાડી શકે છે.
6. પરિસ્થિતિમાં પરિવર્તન અંગે જાગૃત રહો અને જરૂર જણાય, તો તમારી યોજનામાં ફેરફાર કરો. સમુદાય કાર્યકર્તા સમુદાયની સાથે નિયમિત સંપર્કમાં રહેશે અને સમુદાયના સ્તરે અને વ્યક્તિઓ તથા તેમના પરિવારો માટે પરિસ્થિતિ કેવી રીતે બદલાઇ રહી છે તેની નોંધ કરશે. સાથે જ તે તેમને પ્રવર્તમાન ગતિવિધિ (જેમ કે, સંક્રમિત લોકોની સંખ્યા અથવા નવી સ્થાનિક માર્ગદર્શિકા) અંગેના નવીનતમ સમાચાર આપશે. સાથે મળીને તેમણે સ્થાનિક માર્ગદર્શિકાઓને ધ્યાનમાં રાખીને આ ફેરફારો માટે તૈયાર રહેવાના શ્રેષ્ઠ માર્ગો શોધવાના રહેશે.
7. રોજગાર પ્રવૃત્તિઓમાં સામેલ કરાવવાઃ વહીવટી તંત્ર દ્વારા પરવાનગી આપવામાં આવી હોય તેવી રોજગારીની પ્રવૃત્તિઓ (જેમ કે, ખેતી, એમજીનરેગા)માં દિવ્યાંગ વ્યક્તિ/પરિવાર સામેલ થાય અને સરકાર કે અન્ય દ્વારા સહાયતા માટે પૂરી પાડવામાં આવતી સુવિધાઓનો લાભ ઉઠાવે, તે સુનિશ્ચિત કરવું.
8. એકમેકનું ધ્યાન રાખવું. અન્ય સહકર્મીઓનું ધ્યાન રાખવું, અન્ય દિવ્યાંગોનું ધ્યાન રાખવું, વૃદ્ધોનું ધ્યાન રાખવું અને સમુદાયના નેતાઓનું ધ્યાન રાખવું. સાથે કામ કરીને અને આદાન-પ્રદાન કરીને જ આ મહામારી અને તેની સાથે સંકળાયેલો ભય ઘટાડી શકાય છે તથા સમયસર સહાયતા પૂરી પાડી શકાય છે.
9. જાણકારીનું આદાન-પ્રદાન કરો. સમુદાયના કાર્યકર્તાઓ માટે લોકો, સ્થળો, બિમારીઓ, સફળતાઓ અને પડકારોનો સ્થાનિક રીતે સાનુકૂળ હોય, તેવા ફોર્મેટમાં યોગ્ય રીતે રેકોર્ડ રાખવો જરૂરી છે, જેથી આ માહિતી સીબીઆર મેનેજરો, સહનિર્દેશકો અને સરકારી અધિકારીઓને ઝડપથી અને ચોકસાઇપૂર્ણ રીતે મોકલી શકાય.

---

10. સીબીઆર/સીબીઆઇડી કાર્યકર્તાઓએ સુરક્ષા અને નિવારણ માટે સરકાર દ્વારા પ્રસ્થાપિત માપદંડોનું પાલન કરવું જોઇએ.

આ કામગીરી માટેની વધુ વિગતો વિશે જાણકારી મેળવવા માટે ક્લિક કરોઃ
https://www.who.int/publications-detail/disabilityconsiderations-during-the-covid-19-outbreak

---

ક્રિસ્ટિન અને કોર્નિક તથા ઝામ્બિયન સીબીઆર/સીબીઆઇડી ટીમ, અબ્દુલ બુસુલવા સીએએન (યુગાન્ડા) પ્રોફેસર ગ્વેનેથ લેલેવેલિન (ઓસ્ટ્રેલિયા), ઇલેની માર્ક્સ (જિનિવા, હૂ)ના સહયોગથી પ્રોફેસર સેલી હાર્ટલે (યુકે) તથા વેંકટેશ બાલકૃષ્ણ (ભારત) દ્વારા તૈયાર – ભારતીય સંદર્ભ માટે અનુકૂળ